MHT/MRG

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)

## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ : IV

**તારીખ : ૦૮/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૮**

**પ્રશ્ન-૧ માગ્યા પ્રમાણે જવાબ આપો.**

**(અ)** નીચેની માહિતી પરથી કામગીરી પ્રવૃત્તિમાંથી મળતા રોકડ પ્રવાહ ની ગણતરી કરોઃ (૩)

| વિગત | તા.૧-૪-૨૦૧૬ | તા.૩૧-૩-૨૦૧૭ |
|---|---|---|
| નફા-નુકશાન ખાતું | ૬૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ |
| પ્લાન્ટ પર ઘસારાની જોગવાઇ | ૬૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| ખર્ચા ચૂકવવાના બાકી | ૧૦,૦૦૦ | ૬,૦૦૦ |
| પાઘડી | ૪૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| દેવાદારો | ૮૦,૦૦૦ | ૭૦,૦૦૦ |

વર્ષ દરમિયાન રૂ.૪૦,૦૦૦ની પડતર કિંમતના પ્લાન્ટની એક આઇટમ જેની ચોપડે કિંમત રૂ.૨૮,૦૦૦ છે. તે રૂ.૩૬,૦૦૦માં વેચેલ છે.

**(બ)** તા. ૩૧-૩-૧૬ના રોજ રાધા લી એ કિશન લિ.ના રૂ.૧૦ના એક એવા ૯,૦૦૦ શેર્સ રૂ.૧,૪૪,૦૦૦ની કિંમતે ખરીધા હતાં. રાધા લિ.એ. ૧૦૦૦ શેર્સ શેર દીઠ રૂ.૨૦ લેખે રોકડેથી વેચી દીધા. કિશન લિ.નો શેર ખરીધા પહેલાંનો નફો રૂ.૧૨,૦૦૦ હતો. (૪)

| જવાબદારીઓ | ૨૦૧૬ | ૨૦૧૭ | મિલકતો | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|---|---|---|
| શેરમૂડી | ૧,૮૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | કાયમી મિલકતો | ૬૮,૦૦૦ | ૧,૧૬,૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૩૪,૦૦૦ | ૪૦,૦૦૦ | રોકાણો (કિશન લિ.ના ૯૦૦૦ શેર્સ) | ૧,૪૪,૦૦૦ | -- |
| ચાલુ દેવાં | ૬,૦૦૦ | ૧૪,૦૦૦ | ચાલુ મિલકતો | ૮,૦૦૦ | ૫૮,૦૦૦ |
| | ૨,૨૦,૦૦૦ | ૧,૭૪,૦૦૦ | | ૨,૨૦,૦૦૦ | ૧,૭૪,૦૦૦ |

અંકુશિત પડતર અને લઘુમતિ હિત શોધો.

**(ક)** નીચેની વિગતો ધ્યાનમાં લીધા પછી પરંતુ મેનેજરનો પગાર અને કમિશન પહેલાનો આશી લિ.નો ચોખ્ખો નફો રૂ. ૩,૨૫,૦૦૦ છે. (૩)

| | |
|---|---|
| ઘસારાની જોગવાઇ | રૂ.૮૦,૦૦૦ |
| ઘાલખાધ (બે વર્ષ પહેલાની) | રૂ. ૧,૦૦૦ |
| મેનેજરનો પગાર | રૂ.૨૪,૦૦૦ |
| મેનેજરનું કમિશન | રૂ. ૪,૦૦૦ |
| ગરીબ વિદ્યાર્થીને દાન | રૂ.૧૨,૦૦૦ |
| ડિબેંચર પર મળેલ વ્યાજ (ગ્રોસ) (ટીડીએસનો દર ૨૦%) | રૂ.૨૦,૦૦૦ |

નોંધઃ ઘસારાની જોગવાઇમાં ૧૦%નો ઘસારો વધારાની પાળીનો છે તેમજ ૧% રકમનો ઘસારો મિલકતોની ખરીધા તારીખથી વપરાશ શરૂ થયા તારીખ સુધીનો છે.

કલમ ૧૯૮ મુજબ મહતમ સચાલકીય મહેનતાણું ગણો

**પ્રશ્ન-૨** માનવ કંપનીનાં તા. ૩૧-૩-૨૦૧૬ અને તા.૩૧-૩-૨૦૧૭નાં પાકાં સરવૈયાં નીચે પ્રમાણે છે. જેની ઉપરથી હિસાબી ધોરણ ૩ મુજબ રોકડ પ્રવાહનું પત્રક તૈયાર કરો. **(૧૪)**

| જવાબદારીઓ | ૨૦૧૬ | ૨૦૧૭ | મિલકતો | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેર દરેક | | | પાઘડી | ૩,૨૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ |
| રૂ.૧૦નો | ૮,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ | મકાન | ૬,૪૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| પ્રેફ.શેરમૂડી દરેક | | | યંત્રો | ૫,૬૦,૦૦૦ | ૮,૦૦,૦૦૦ |
| રૂ.૧૦નો, ૭ ભરપાઇ | ૨,૮૦,૦૦૦ | -- | રોકાણો | ૧,૬૦,૦૦૦ | -- |
| જામીનગીરી પ્રીમિયમ | ૬૦,૦૦૦ | ૪૦,૦૦૦ | સ્ટોક | ૧,૨૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| અનામતો | ૩,૨૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | દેવાદારો | ૧,૭૬,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૧,૪૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | લેણીહૂંડી | ૪૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| ૪%નાં ડિબેંચર | -- | ૪,૦૦,૦૦૦ | રોકડ | ૪૦,૦૦૦ | ૪૪,૦૦૦ |
| લેણદારો | ૨,૦૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | બેંક | -- | ૧,૬૦,૦૦૦ |
| દેવીહૂંડીઓ | ૮૦,૦૦૦ | -- | | | |
| કરવેરાની જોગવાઇ | ૯૬,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | | | |
| સુચિત ડિવિડન્ડ | ૮૦,૦૦૦ | ૧,૪૪,૦૦૦ | | | |
| | ૨૦,૫૬,૦૦૦ | ૨૬,૪૪,૦૦૦ | | ૨૦,૫૬,૦૦૦ | ૨૬,૪૪,૦૦૦ |

વધારાની માહિતી :

(૧) વર્ષ દરમિયાન ઘસારાની જોગવાઇ મકાન પર રૂ.૧,૨૦,૦૦૦ અને યંત્રો પર રૂ.૧,૦૦,૦૦૦ છે.

(૨) કંપનીધારાની જોગવાઇઓનું પાલન કરી પ્રેફરન્સ શેર ૫% પ્રીમિયમે પરત કરેલા છે. સામાન્ય અનામતમાંથી રૂ.૪,૦૦,૦૦૦ મૂડી પરત અનામત ખાતે લઇ જવામાં આવ્યાં છે.

(૩) રૂ.૪,૦૦,૦૦૦ના ડિબેંચર્સ ૫% વટાવે બહાર પાડયા હતા.

(૪) કંપનીએ મૂડીપરત અનામતમાંથી વર્તમાન ઇક્વિટી શેરધારકોને ૨:૧ના પ્રમાણમાં બોનસ શેર આપેલા છે.

(૫) કરવેરાના રૂ.૧,૦૦,૦૦૦ ચૂકવ્યા છે અને પાછલા વર્ષનું સૂચિત ડિવિડન્ડ પણ ચુકવેલું છે.

(૬) વેચાણ કિંમત પર ૨૦% નફો મળે તે રીતે રોકાણો વેચેલાં છે.

**અથવા**

**પ્રશ્ન-૨** મન લિ.નાં ૨૦૧૬ અને ૨૦૧૭ના વર્ષનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે. **(૧૪)**

| જવાબદારીઓ | ૨૦૧૬ | ૨૦૧૭ | મિલકતો | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેર | | | પાઘડી | ૧,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| દરેક રૂ.૧૦નો એક | | | યંત્રો | ૩,૫૦,૦૦૦ | ૪,૫૦,૦૦૦ |
| એવા શેર પૂરા | | | જમીન-મકાનો | ૩,૦૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ |
| ભરપાઇ થયેલ | ૩,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | રોકાણો | ૮૦,૦૦૦ | ૭૫,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧,૫૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | સ્ટોક | ૪૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| નફા-નુકશાન ખાતું | ૧,૪૮,૦૦૦ | ૧,૩૮,૦૦૦ | રોકડ સિલક | -- | ૪૦,૦૦૦ |
| ૯%નાં ડિબેંચર | ૧,૦૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | દેવાદારો | ૭૫,૦૦૦ | ૯૦,૦૦૦ |
| લેણદારો | ૮૦,૦૦૦ | ૬૦,૦૦૦ | લેણીહૂંડી | ૧૫,૦૦૦ | ૨૦,૦૦૦ |
| દેવી  હૂંડી | ૭૫,૦૦૦ | ૯૫,૦૦૦ | પ્રાથમિક ખર્ચા | ૧૮,૦૦૦ | ૧૨,૦૦૦ |
| નહિ ચૂકવેલ ખર્ચ | ૧૦,૦૦૦ | ૫,૦૦૦ | ડિબેંચર વટાવ | -- | ૧,૦૦૦ |
| કરવેરાની જોગવાઇ | ૬૦,૦૦૦ | ૮૦,૦૦૦ | | | |
| બેક ઓવરડ્રાફટ | ૫૫,૦૦૦ | -- | | | |
| | ૯,૭૮,૦૦૦ | ૧૧,૧૮,૦૦૦ | | ૯,૭૮,૦૦૦ | ૧૧,૧૮,૦૦૦ |

વધારાની માહિતી નીચે મુજબ છે.

(૧) તા.૧-૧-૨૦૧૭ના રોજ સામાન્ય અનામતમાંથી દર ત્રણ શેરદીઠ એક શેર બોનસ શેર તરીકે આપવામાં આવ્યો હતો.

(૨) વર્ષ દરમિયાન ચુકવેલ કરવેરા અને ડિવિડન્ડ અનુક્રમે રૂ.૫૫,૦૦૦ અને રૂ.૫૪,૦૦૦ હતાં.

(૩) વર્ષ દરમિયાન ૫% વટાવથી નવાં ડિબેંચર બહાર પાડયાં હતાં

(૪) કંપનીએ રૂ.૨૦,૦૦૦ની મૂળ કિંમતનાં રોકાણો, વેચાણ કિંમત પર ૨૦% નફો મળે એ રીતે વેચ્યાં હતાં.

(૫) વર્ષ દરમિયાન માંડી વાળેલ ઘસારો :

| | |
|---|---|
| યંત્રો પર | રૂ.૩૫,૦૦૦ |
| જમીન-મકાન પર | રૂ.૩૦,૦૦૦ |

(૬) વર્ષ દરમિયાન રૂ.૫૦,૦૦૦ની ચોપડે દર્શાવેલ કિંમતનાં યંત્રો ૨૦% ખોટથી વેચ્યા હતાં.

ઉપરની વિગતોના આધારે : હિસાબી ધોરણ નંબર-૩ મુજબનું રોકડ પ્રવાહ પત્રક બનાવો.

**પ્રશ્ન-૩** તા.૩૧મી માર્ચ, ૨૦૧૭નાં રોજનાં રામ અને સીતા લિ.ના પાકાં સરવૈયાં નીચે મુજબ છે. **(૧૪)**

| જવાબદારીઓ | રામ લિ. | સીતા લિ. | મિલકતો | રામ લિ. | સીતા લિ. |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | | જમીન-મકાન | ૯,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| દરેક રૂ.૧૦ના | ૨૧,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | સંચા-યંત્રો | ૮,૪૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧,૫૦,૦૦૦ | ૯૦,૦૦૦ | પાર્થ લિ.ના | | |
| નફા-નુકશાન ખાતું | ૩,૦૦,૦૦૦ | ૯૦,૦૦૦ | ૨૧,૦૦૦ શેર | ૩,૦૦,૦૦૦ | -- |
| પરચુરણ લેણદારો | ૨,૭૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | સ્ટોક | ૨,૧૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| દેવીહૂંડીઓ | ૩૦,૦૦૦ | ૪૫,૦૦૦ | પરચૂરણ દેવાદારો | ૪,૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| ખર્ચની | | | લેણીહૂંડીઓ | ૩૦,૦૦૦ | -- |
| જવાબદારીઓ | ૧૫,૦૦૦ | ૪૫,૦૦૦ | રોકડ અને બેંક | ૧,૩૫,૦૦૦ | ૬૦,૦૦૦ |
| | ૨૮,૬૫,૦૦૦ | ૭,૨૦,૦૦૦ | | ૨૮,૬૫,૦૦૦ | ૭,૨૦,૦૦૦ |
| વટાવેલી હૂંડી અંગેની આકસ્મિક જવાબદારી | ૧૫,૦૦૦ | -- | | | |

વધારાની માહિતી :

(૧) જયારે રામ લિ. સીતા લિ.માં ૧૮,૦૦૦ શેરો ખરીધા ત્યારે સીતા લિ. પાસે રૂ.૬૦,૦૦૦ સામાન્ય અનામત અને રૂ.૧૫,૦૦૦ નફા-નુકશાન ખાતાની જમા બાકી હતી

(૨) રામ લિમિટેડે ૩,૦૦૦ વધારે શેરો સીતા લિ.ના પ્રાપ્ત કર્યા તે સમયે સીતા લિ. પાસે રૂ.૭૫,૦૦૦ સામાન્ય અનામત અને રૂ.૮૪,૦૦૦ નફા-નુકશાન ખાતાની જમા બાકી હતી, જેમાંથી સીતા લિ. ૨૦% લેખે ડિવિડન્ડ ચૂકવેલું હતું અને રામ લિ. એ આ શેર પર મળેલ ડિવિડન્ડની રકમ નફા-નુકશાન ખાતે જમા કરેલ હતી.

(૩) રામ લિ.ની તમામ લેણીહૂંડીઓ (વટાવેલી હૂંડીઓ સહિત) સીતા લિ.એ સ્વીકારેલી હતી.

(૪) સીતા લિ.ના સ્ટોકમાં રામ લિ. પાસેથી ખરીદેલા રૂ.૬૦,૦૦૦ના સ્ટોકનો સમાવેશ થતો હતો, જેના પર તેણે પડતર પર ૨૫% નફો મેળવેલ હતો

(૫) બંને કંપનીઓએ રામ લિ. અને સીતા લિ. એ અનુક્રમે ૧૦% અને ૨૦% ડિવિડન્ડ ચૂકવેલું હતું. પરંતુ તેની અસર ઉપરોકત પાકાં સરવૈયામાં હજી સુધી આપી ન હતી.

તા.૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજનું એકત્રિત પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

**પ્રશ્ન-૩** આર્વી લિ.માં બે પૂર્ણ સમયના ડિરેકટરો અને એક મેનેજર છે. મેનેજરને ૫% અને દરેક પૂરા સમયના ડિરેકટરને ૩% કમિશન આપવામાં આવે છે. મેનેજરનું કમિશન તેમનું કમિશન અને ડિરેકટરનું કમિશન બાદ કર્યા પછીના નફા પર અને ડિરેકટરનું કમિશન તેમનું કમિશન અને મેનેજરનું કમિશન બાદ કર્યા પછીના નફા પર ગણવામાં આવે છે. **(૧૪)**

તા.૩૧-૩-૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકશાન ખાતું

| વિગત | રકમ | વિગત | રકમ |
|---|---|---|---|
| પગાર અને બોનસ | ૫,૬૦,૦૦૦ | કાચો નફો | ૨૫,૭૦,૭૦૦ |
| વહીવટી અને વેચાણ ખર્ચ | ૨,૧૦,૦૦૦ | રાજય સરકાર પાસેથી મદદ | ૧,૩૦,૩૦૦ |

| | | | |
|---|---|---|---|
| રોકડ વેચાણ પર ખોટ | ૨૭,૫૦૦ | મશીનરી વેચાણ પર નફો | ૨,૦૦,૦૦૦ |
| ડિબેંચર વ્યાજ | ૩૧,૪૦૦ | ડિવિડન્ડ | |
| ડિબેંચર ટ્રસ્ટીનું મહેનતાણું | ૧૭,૦૦૦ | (મૂળ સ્થાનેથી કરકપત | |
| ફર્નિચર વેચાણની ખોટ | | રૂ.૨૭,૦૦૦ બાદ) | ૧,૧૩,૦૦૦ |
| (ઘસારા બાદ કિંમત | ૧૦,૦૦૦ | | |
| રૂ.૧૪,૦૦૦) | | | |
| ધર્માદા | ૨૧,૭૦૦ | | |
| વૈજ્ઞાનિક સંશોધન ખર્ચ | | | |
| (નવી લેબોરેટરી અંગે) | ૭૦,૦૦૦ | | |
| ઘસારો (વિકાસ વળતર અનામત | | | |
| રૂ.૪૫,૦૦૦ સહિત) | ૨,૪૦,૦૦૦ | | |
| ડિબેંચર બહાર પાડવાનો ખર્ચ | ૧૩,૭૦૦ | | |
| કરાર ભંગ બદલ વળતર | ૧૫,૦૦૦ | | |
| ઘાલખાધ અનામત | ૪૪,૦૦૦ | | |
| સૂચિત ડિવિડન્ડ | ૧,૨૫,૦૦૦ | | |
| કરવેરાની જોગવાઇ | ૩,૦૫,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૧૩,૨૩,૭૦૦ | | |
| | ૩૦,૧૪,૦૦૦ | | ૩૦,૧૪,૦૦૦ |

વધારાની માહિતી :

(૧) કલમ ૩૫૦ મુજબ મજરે મળવાપાત્ર ઘસારો રૂ. ૯૫,૦૦૦ છે.

(૨) વર્ષ દરમિયાન ઘાલખાધ અનામત સામે માંડી વાળેલ ઘાલખાધ રૂ. ૨૪,૦૦૦ હતી.

(૩) કરવેરાની જોગવાઇમાં સરટેક્ષના રૂ.૫૨,૦૦૦નો સમાવેશ થાય છે.

(૪) વેચેલ મકાનની વિગતો :

| | | | | |
|---|---|---|---|---|
| ખરીદ્યા તારીખ | : | તા.૧-૪-૨૦૧૨, | વેચાણ તારીખ : | તા.૧-૪-૨૦૧૬ |
| ઘસારાનો દર | : | ૧૫% વાર્ષિક | ઘસારાની પદ્ધતિ: | સીધી લીટીની પદ્ધતિ |
| વેચાણ કિમત | : | ઘસારાબાદ કિંમત + ૨૦૦% નફો | | |

(૫) પગાર અને બોનસમાં ગયા વર્ષનાં ચૂકવેલ બોનસના રૂ.૧૧,૦૦૦નો તથા કર્મચારીને એક્ષ-ગ્રેસિયા ચુકવણીના ૯,૦૦૦નો સમાવેશ થાય છે.

(૬) ચાલુ વર્ષ માટે અંદાજેલ સ્ટાફ બોનસની જવાબદારી રૂ.૭,૫૦૦ હિસાબી ચોપડામાં નોંધ કરવામાં આવી નથી.

(૭) નીચેની વિગતોની નોંધ નફા-નુકશાન ખાતામાં થયેલ નથી.

- (અ) ઓડિટ ફી રૂ. ૫,૦૦૦
- (બ) નવી ઘાલખાધ અનામતની જોગાવઇ રૂ. ૧૦,૦૦૦
- (ક) વધારાની પાળીનો ઘસારો રૂ. ૧૫,૦૦૦
- (ડ) ગરીબ વિદ્યાર્થીને આપેલ દાન રૂ. ૫,૦૦૦

**પ્રશ્ન-૪ ટૂંક નોંધ લખો (ગમે તે ત્રણ) (૧૨)**

(૧) સામાજિક હિસાબોના લાભો

(૨) હિસાબી પદ્ધતિ ઘડતરના તબકકા

(૩) રોકડ પ્રવાહ પત્રકના લાભાલાભો

(૪) શાસક અને ગૌણ કંપનીના વચ્ચેના અરસપરસના વ્યવહારો

(૫) સામાજિક જવાબદારીનું ક્ષેત્ર

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)

## Economics of Growth, Development & Planning : II

**તારીખ : ૦૩/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં અતિ ટૂંકમાં જવાબ આપો.** **(૨૦)**

૧. આર્થિક મોડેલનાં ઉપાયો જણાવો.

૨. નિર્ણાયક લઘુતમ પ્રયાસ એટલે શું ?

૩. સાધન-ઉત્પાદન વિશ્લેષણની લાક્ષણિકતાઓ જણાવો.

૪. મૂડી-ઉત્પાદન ગુણોત્તરનાં પ્રકારો જણાવો.

૫. મધ્યમ માર્ગીય ટેક્નોલોજી એટલે શું ?

૬. આર્થિક મોડેલના વિવિધ પ્રકારો દર્શાવો.

૭. આર્થિક વૃદ્ધિનો કુદરતી દર એટલે શું ?

૮. શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિની તરફેણની કોઈ પણ ચાર દલીલો જણાવો.

૯. સરેરાશ અને સીમાન્ત મુડી ઉત્પાદન ગુણોત્તર એટલે શું ?

૧૦. નવપ્રવર્તન અને સંશોધન વચ્ચે કયો તફાવત છે ?

૧૧. હેરોડ-ડોમર મોડેલની ધારણાઓનો નિર્દેશ કરો.

૧૨. આર્થિક મોડેલ એટલે શું ?

૧૩. નિયોજકના મુખ્ય પ્રકારોનો નિર્દેશ કરો.

૧૪. શૂન્યરાશિ પ્રેરણા અને ધનરાશિ પ્રેરણાનો અર્થ જણાવો.

૧૫. પ્રચ્છન્ન બેરોજગારીનું સ્વરૂપ જણાવો.

૧૬. સમતોલ વિકાસ્નો અર્થ સ્પષ્ટ કરો.

૧૭. સાધન-ઉત્પાદન વિશ્લેષણનું મહત્ત્વ દર્શાવો.

૧૮. સરેરાશ મૂડી - ઉત્પાદન ગુણોત્તર અને સીમાંત મૂડી-ઉત્પાદન ગુણોત્તર એટલે શું ?

૧૯. આર્થિક મોડેલની વ્યાખ્યા આપો.

૨૦. નવપ્રર્વતન એટલે શું ?

**પ્રશ્ન : ૨** હેરોડ-ડોમર મોડેલની તુલના કરી તેની મર્યાદાઓ ચર્ચો. **(૧૫)**

**અથવા**

આર્થિક વૃદ્ધિની પ્રક્રિયામાં નવપ્રવર્તનનો શો ફાળો છે ? વિકાસશીલ દેશોમાં પ્રવર્તનો દર વધારવામાં કઈ સમસ્યાઓ નડે છે ?

**અથવા**

"અલ્પવિકસીત દેશોમાં અમર્યાદિત શ્રમના પુરવઠા દ્વારા મૂડીસર્જન શકય છે." આ વિધાનનું ટીકાત્મક પરીક્ષણ કરો.

**અથવા**

**(પાનું ઊલટાવો)**

નિર્ણાયક લઘુત્તમ પ્રયાસ કોને કહેવાય ? અલ્પવિકસીત રાષ્ટ્રોના સંદર્ભમાં આ ખ્યાલની વિગતવાર સમજૂતી આપો.

**અથવા**

આર્થિક વૃદ્ધિનું મોડેલનું સ્વરૂપ, ઉપયોગિતા અને મર્યાદાઓની ચર્ચા કરો.

**અથવા**

અમસમતોલ વિકાસ એટલે શું ? અસમતોલ વિકાસની વ્યૂહરચના સમજાવી તેની મર્યાદાઓ જણાવો.

**અથવા**

હેરોડ અને ડોમરના આર્થિક મોડેલની સમજૂતી આપો.

**અથવા**

શુમ્પીટર દ્વારા રજૂ કરવામાં આવેલ આર્થિક વૃદ્ધિના મોડેલની સવિસ્તર ચર્ચા કરો.

**પ્રશ્ન : ૩** લેબેનસ્ટાઈન રોડાનના પ્રારંભિક શકિતશાળી પ્રયાસના સિદ્ધાંતનું ટીકાત્મક પરીક્ષણ કરો. (૧૫)

**અથવા**

સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે રેગ્નાર નર્કસની સમજૂતીની ટીકાત્મક ચર્ચા કરો.

**અથવા**

રોસ્ટવના આર્થિક વૃદ્ધિના તબક્કાઓ દર્શાવી તેની મર્યાદાઓ સ્પષ્ટ કરો.

**અથવા**

રોસ્ટોવ દ્વારા રજુ કરવામાં આવેલ આર્થિક વિકાસના વિવિધ તબક્કાઓની પ્રવિસ્તાર સમજૂતી આપો.

**અથવા**

પ્રો. શુમ્પીટરના આર્થિક વૃદ્ધિનું મોડેલ સમજાવો. તે અલ્પવિકસિત દેશોને કેટલે અંશે લાગુ પડે છે ?

**અથવા**

અમાર્યદિત શ્રમના પુરવઠાના સંદર્ભમાં પ્રો. લેવિસનાં વૃદ્ધિ મોડેલની ચર્ચા કરી મુખ્ય મર્યાદાઓનો નિર્દેશ કરો.

**અથવા**

રેગ્નાર નર્કસના પ્રચ્છન્ન બેરોજગારી તથા મૂડીસર્જન વિષયક વિચારો સવિસ્તર સમજાવો.

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)

## સંચાલન : સિદ્ધાંત અને વ્યવહાર

**તારીખ : ૦૬/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.**

પ્રશ્ન : ૧ ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. પરિવર્તનના લક્ષણો જણાવો.

૨. જૂથ અને ટીમ વચ્ચે શું ભેદ છે ?

૩. વિસંવાદિતાની શૈલીઓ જણાવો.

૪. વિશ્વાસ દ્વારા સંચાલન એટલે શું ?

૫. શકિત-વિહોણા પરિસ્થિતિ માટેના જવાબદાર પરિબળો જણાવો.

પ્રશ્ન : ૨ પરિવર્તનના વૈયકિતક વિરોધના કારણોની ચર્ચા કરો. (૧૨)

**અથવા**

ટીમની આંતરિક ગતિવિધિ સમજાવો.

પ્રશ્ન : ૩ વિસંવાદિતાની વિવિધ સપાટીઓ સમજાવો. (૧૩)

**અથવા**

પ્રશ્ન : ૩ (અ) વિસંવાદિતાની પ્રક્રિયાના તબકકાઓ વર્ણવો. (૦૭)

(બ) વિસંવાદિતા ઉદ્ભવવાના કારણો જણાવો. (૦૬)

પ્રશ્ન : ૪ (અ) ટૂંકનોંધ લખો : (કોઈપણ એક) (૦૮)

૧. વિશ્વાસ દ્વારા સંચાલનનું મહત્ત્વ

૨. માર્મિક ક્ષમતા

૩. સશકિતકરણ

(૦૭)

(બ) કેસ સ્ટડી :

વંદન કો-ઓપરેટીવ બેન્ક ગુજરાતમાં સ્થપાયેલી એક ખાનગી બેન્ક છે. જેમણે રાજયમાં ગ્રાહકોને સેવા આપવામાં ખૂબ જ સારી નામના મેળવેલી છે. સમય જતાં ટેકનોલોજીનાં અભાવને કારણે બેન્ક ગ્રાહકોને ઝડપી સેવા આપવામાં મંદ માલૂમ પડી. બેન્કના મેનેજર પરેશ મહિડાને લાગ્યું કે આ પ્રકારની સ્થિતિ હશે તો ભવિષ્યમાં થાપણદારો અને ગ્રાહકો ગુમાવવા પડશે. આથી બેન્કનું પુનઃ ઈજનેરીકરણ કરવાનો વિચાર આવ્યો, જેથી ગ્રાહકોને ઝડપી સેવા મળે, ગ્રાહકોએ રાહ ન જોવી પડે અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વધુ ઉપયોગી કરવાની તક પ્રાપ્ત થાય.

ઉપરોકત કેસમાં કયો સંચાલકીય પ્રશ્ન સંડોવાયેલો છે ? આ પ્રશ્નના ઉકેલના ટેકામાં દલીલ કરો.

BDP

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)
## વિજ્ઞાપન અને વેચાણકળા

**તારીખ : ૦૭/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**
**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

૧ ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. કોપી વિકાસ એટલે શું ?
૨. અજોડ વેચાણ પ્રસ્તાવ સમજાવો.
૩. નિયંત્રિત પ્રયોગ પધ્ધતિ એટલે શું ?
૪. આદર્શ વળતર યોજનાના લક્ષણો જણાવો.
૫. નેતૃત્વ શૈલીના પ્રકારો જણાવો.

૨. (અ) જાહેરાત સંદેશાના વિકાસની પ્રક્રિયા વર્ણવો. (૦૭)
(બ) વિજ્ઞાપનની અસરકારકતાના માપન માટેની આવશ્યકતાઓ સમજાવો. (૦૬)

**અથવા**

૨. વિજ્ઞાપનની અસરકારકતાના માપનની પોસ્ટ-ટેસ્ટિંગ પદ્ધતિઓ સમજાવો. (૧૩)

૩. (અ) સેલ્સમેનને વળતર યોજનાને અસરકરતાં પરિબળોની ચર્ચા કરો. (૦૭)
(બ) વેચાણદળનું કદ નકકી કરવાની સેલ્સમેન ઉત્પાદકતા અભિગમ સમજાવો. (૦૬)

**અથવા**

૩. (અ) વેચાણ અંકુશની પ્રક્રિયા ટૂંકમાં વર્ણવો. (૦૭)
(બ) વેચાણદળ કામગીરી મૂલ્યાંકનનું મહત્ત્વ સમજાવો. (૦૬)

૪ (અ) ટૂંકનોંધ લખો : (કોઈપણ એક) (૦૬)

૧. કુલ વેચાણ જથ્થો
૨. સેલ્સમેનની નિમણૂંક શરતો
૩. ઉપભોકતા જયૂરી સરવે પધ્ધતિ

(બ) કેસ સ્ટડી : (૦૮)

બાલાજી નમકીન પ્રા. લિ. જુદ જુદી જાતના નમકીન બનાવાની એક નફાકારક કંપની છે. તે તેની જુદી જુદી પ્રોડકટના વેચાણ પર ૩૦% નફો પ્રાપ્ત કરે છે. અને તે પૈકી ૧૦% નફો સેલ્સમેનોને અભિપ્રેરણ તરીકે વહેંચવા માંગે છે. કંપનીમાં ૧૦૦ સેલ્સમેનો કામ કરે છે. સેલ્સમેનોને કંપની માસિક પગાર, વાહન ખર્ચ તથા ડેઈલી એલાઉન્સ ચૂકવે છે. પરંતુ ૧૦% નફાની વહેંચણી માટે સેલ્સમેનનોને પ્રોત્સાહન કઈ રીતે ચૂકવવું તે અંગે સેલ્સમેનેજર મુંઝવણ અનુભવે છે.

પ્રોત્સાહનની વિવિધ પધ્ધતિઓ જણાવી માર્ગદર્શન અંગે તમારા સૂચનો સેલ્સ મેનેજરને જણાવો.

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)

## નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ : V

તારીખ : ૦૯/૦૩/૨૦૧૮ બેઠક નંબર : .........

સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦ કુલ ગુણ : ૫૦

સૂચના : (૧) પ્રશ્ન નં. ૧ ફરજિયાત છે. (૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે.
(૩) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.

પ્રશ્ન : ૧ (અ) કિરણ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીની નીચેની બાકીઓ પરથી તા. ૩૧-૧૨-૨૦૧૭ નાં રોજ પુરા થતા વષનું મહેસૂલી ખાતું તૈયાર કરો : (૦૫)

| વિગત | (રૂા.) |
|---|---|
| ચૂકવવાના બાકી દાવા (૦૧-૦૪-૨૦૧૬) | ૩૩,૭૫૦ |
| ચૂકવવાના બાકી દાવા (૩૧-૦૩-૨૦૧૭) | ૭૨,૦૦૦ |
| ભાવિ જોખમ માટે અનામત (૦૧-૦૪-૨૦૧૬) | ૧,૬૮,૭૫૦ |
| વધારાનું અનામત (૦૧-૦૪-૨૦૧૬) | ૩૩,૭૫૦ |
| વર્ષમાં ચૂકવેલ દાવા | ૯૦,૦૦૦ |
| સંચાલકીય ખર્ચા | ૧,૦૨,૩૭૫ |
| ઘાલખાધ | ૩૪,૮૭૫ |
| ચૂકવેલ કમિશન | ૬૦,૭૫૦ |
| પ્રીમિયમ | ૪,૦૫,૦૦૦ |
| આપેલ પુનઃ વીમા પર કમિશન | ૨૦,૨૫૦ |

(૧) કંપની આગના વીમા માટે ચોખ્ખા મળેલ પ્રીમિયમનાં ૫૦% ભાવિ જોખમ માટે અનામત ઊભું કરે છે.

(૨) આગનાં વીમામાં ચોખ્ખા પ્રીમિયમનાં ૫% વધારાનું અનામત રાખવામાં આવે છે.

(બ) નીચેની બાકીઓ મહેક ઈન્સ્યોરન્સ લિ. નાં ચોપડેથી તા. ૩૧-૧૨-૨૦૧૭ નાં રોજ લેવામાં આવી છે :

(બ) નીચેની બાકીઓ મહેક ઈન્યોરન્સ લિ. નાં ચોપડેથી તા. ૩૧-૧૨-૨૦૧૭ નાં રોજ લેવામાં આવી છે. : (૦૫)

| વિગત | સીધા ધંધા અંગે રૂા. | પુનઃ વીમા અંગે રૂા. |
|---|---|---|
| પ્રીમિયમો : | | |
| મળેલ | ૫૦,૦૦,૦૦૦ | ૪,૧૦,૦૦૦ |
| મળવાનું બાકી (૦૧-૦૧-૨૦૧૭) | ૩,૦૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| મળવાનું બાકી (૩૧-૧૨-૨૦૧૭) | ૫,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| ચુકવેલ | - | ૫,૦૦,૦૦૦ |
| ચૂકવવાનું બાકી (૦૧-૦૧-૨૦૧૭) | - | ૫૦,૦૦૦ |
| ચૂકવવાનું બાકી (૩૧-૧૨-૨૦૧૭) | - | ૭૦,૦૦૦ |

પ્રીમિયમ બાદ પુનઃ વીમાની ગણતરી કરો :

KGP // BAT

(પાનું ઊલટાવો)

**પ્રશ્ન : ૨ તા. ૩૧-૦૩-૨૦૧૭ ના રોજ મેગા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના હિસાબો પરથી નીચેની બાકીઓ મળે છે :** (૧૪)

| વિગત | (રૂા.) |
|---|---|
| જીવનવીમા ફંડ (૧-૪-૨૦૧૬) | ૨૦,૦૦,૦૦૦ |
| વર્ષાસન (ચૂકવેલ) | ૧૦,૦૦૦ |
| સરકારી જામીનગીરીઓ | ૧૦,૦૦,૦૦૦ |
| મિલકત વેચતા નફો | ૨,૦૦૦ |
| દાવા : મૃત્યુથી | ૬૦,૦૦૦ |
| મુદત પૂરી થવાથી | ૯૦,૦૦૦ |
| પોલિસી પર લોન | ૩,૦૦,૦૦૦ |
| ગીરોમુકત મિલકત અને ફર્નિચર | ૮૨,૦૦૦ |
| એજન્ટોની બાકી (ઉધાર) | ૨,૦૦૦ |
| પરચૂરણ લેણદારો | ૩,૦૦૦ |
| મળવાનું બાકી પ્રીમિયમ | ૨૬,૦૦૦ |
| એજન્ટોને કમિશન | ૩૪,૦૦૦ |
| પ્રીમિયમ બાદ પુનઃવીમો | ૨,૦૦,૦૦૦ |
| શરણ મૂલ્ય | ૧૫,૦૦૦ |
| વ્યાજ, ડિવિડન્ડ અને ભાડું મળ્યું | ૧,૬૦,૦૦૦ |
| ફર્નિચર પર ઘસારો | ૩,૦૦૦ |
| વહીવટી ખર્ચા | ૩૦,૦૦૦ |
| પગાર | ૩,૦૦૦ |
| ઓડિટ ફી | ૨,૫૦૦ |
| ડિરેકટરોની ફી | ૫,૦૦૦ |
| કાનુની ખર્ચા | ૨,૦૦૦ |
| જાહેરાત | ૧,૫૦૦ |
| બેન્કમાં રોકડ | ૧,૪૦,૦૦૦ |
| ચૂકવવાના બાકી દાવા | ૮,૦૦૦ |
| પરચૂરણ દેવાદારો | ૩૩,૦૦૦ |
| કંપનીના ઈકિવટી શેરમાં રોકાણ | ૬,૦૦,૦૦૦ |
| વર્ષાસન પોલિસી પર મળેલ રકમ | ૨૦,૦૦૦ |
| ચઢેલ પરંતુ મળવાનું બાકી વ્યાજ | ૩૨,૦૦૦ |
| આકસ્મિકતા અનામત | ૪,૦૦,૦૦૦ |
| વ્યાજ ડિવિડન્ડ પરનો આવકવેરો | ૨૨,૦૦૦ |
| રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ડિપોઝિટ | ૩,૦૦,૦૦૦ |

તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજનું મેગા લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિ. નું પાકું સરવૈયું અને તે જ તારીખે પૂરા થતા વર્ષનું મહેસૂલી ખાતું તૈયાર કરો.

**અથવા**

પ્રશ્ન : ૨ વિનસ લિ. ના હિસાબોમાંથી ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે તારવેલી વિગતો પરથી નીચે પ્રમાણે છે. તેના પરથી મૂલ્યવૃદ્ધિનું પત્રક અને મૂલ્યવૃદ્ધિની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો. (૧૪)

| વિગત | (રૂા.) |
|---|---|
| વેચાણ | ૪૦,૫૦,૦૦૦ |
| વેચાણ પર કમિશન | ૫૦,૦૦૦ |
| કાચા માલની ખરીદી | ૧૫,૭૭,૦૦૦ |
| કાચા માલનો સ્ટોક : શરૂઆતનો | ૧,૦૮,૦૦૦ |
| આખરનો | ૧,૪૨,૦૦૦ |
| તૈયાર માલનો સ્ટોક : શરૂઆતનો | ૪,૦૦,૦૦૦ |
| આખરનો | ૪,૫૦,૦૦૦ |
| જાવકમાલ ગાડીભાડું | ૧૬,૮૦૦ |
| સ્ટાફ કલ્યાણ અંગેના ખર્ચા | ૨,૩૭,૪૫૦ |
| વીમો | ૩૨,૬૦૦ |
| ભાડું અને કરવેરા | ૨૫,૪૦૦ |
| મુસાફરી ખર્ચા | ૬૫,૧૫૦ |
| જાહેરાત | ૪૨,૦૦૦ |
| મજૂરી અને પગાર | ૧૦,૨૦,૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | ૧,૦૦,૦૦૦ |
| ઘસારાની જોગવાઈ | ૧,૦૫,૦૦૦ |
| આવકવેરાની જોગવાઈ | ૨,૦૦,૦૦૦ |
| ઓડિટ ફી | ૨૮,૭૫૦ |
| મેનેજિંગ ડિરેક્ટરને મહેનતાણું | ૧,૨૮,૦૦૦ |
| ડિરેક્ટરોની ફી | ૮૦,૦૦૦ |
| શેરહોલ્ડરોને ડિવિડન્ડ | ૮૦,૦૦૦ |
| લોન પરનું વ્યાજ | ૪૮,૦૦૦ |
| રાખી મૂકેલ કમાણી | ૨,૪૦,૦૦૦ |
| લવાજમ | ૧૬,૦૦૦ |
| છપામણી અને સ્ટેશનરી | ૨૪,૨૫૦ |
| અન્ય ખર્ચા | ૧૭,૬૦૦ |

પ્રશ્ન : 3 રોયલ ટ્રેડર્સની મુખ્ય ઓફિસ મુબંઈમાં છે અને તેની શાખા સુરતમાં છે. શાખા મુખ્ય ઓફિસ પાસેથી મૂળ કિંમતે અમુક માલ મેળવે છે અને અમુક માલ બહારથી ખરીદે છે. શાખા તેના હિસાબી ચોપડા અલગ રાખે છે. તા. ૩૧-૩-૨૦૦૮ ના રોજનું મુખ્ય ઓફિસ અને શાખાનું કાચું સરવૈયું નીચે મુજબ છે : (૧૪)

| વિગત | મુખ્ય ઓફિસ | | શાખા | |
|---|---|---|---|---|
| | ઉધાર રૂા. | ઉધાર રૂા. | ઉધાર રૂા. | ઉધાર રૂા. |
| મૂડી | - | ૩,૦૦,૦૦૦ | - | - |
| જમીન - મકાન | ૧,૬૦,૦૦૦ | - | - | - |
| મશીનરી | ૪૦,૦૦૦ | - | ૧૨,૦૦૦ | - |
| ફર્નિચર | ૪૦,૦૦૦ | - | - | - |
| દેવાદાર અને લેણદાર | ૨૫,૦૦૦ | ૧૨,૦૦૦ | ૯,૦૦૦ | ૧૧,૦૦૦ |
| રોકડ અને બેંક સિલક | ૪૨,૦૦૦ | - | ૯,૦૦૦ | - |
| શરૂઆતનો સ્ટોક | ૧૮,૦૦૦ | - | ૧૪,૦૦૦ | - |
| નફા નુકસાન ખાતુ (૧-૪-૨૦૦૭) | - | ૧૨,૦૦૦ | - | - |
| ખરીદી અને વેચાણ | ૧,૪૫,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | ૧૦,૮૦૦ | ૪૨,૪૦૦ |
| પરચૂરણ ખર્ચા | ૨૨,૦૦૦ | - | ૮,૦૦૦ | - |
| મુખ્ય ઓફિસ તરફથી શાખાને મોકલેલ માલ | - | ૨૬,૦૦૦ | ૨૩,૨૦૦ | - |
| ચાલુ ખાતા (શાખા/મુખ્ય ઓફિસ) | ૩૮,૦૦૦ | - | - | ૩૨,૬૦૦ |
| | ૫,૩૦,૦૦ | ૫,૩૦,૦૦૦ | ૮૬,૦૦૦ | ૮૬,૦૦૦ |

અન્ય માહિતી :

(૧) જમીન-મકાન પર ૫%, મશીનરી પર ૧૦% અને ફર્નિચર પર ૧૦% ઘસારો ગણવાનો છે.

(૨) તા. ૩૧-૩-૨૦૦૮ નાં રોજ મુખ્ય ઓફિસનો આખરનો સ્ટોક રૂા. ૫૫,૦૦૦ અને શાખાનો આખરાનો સ્ટોક રૂા. ૨૮,૦૦૦ છે.

(૩) શાખા અને મુખ્ય ઓફિસના ચાલુ ખાતામાં જે તફાવત છે તેનું કારણ માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ છે.

મુખ્ય ઓફિસ તથા શાખાનું ખાનાંવાર વેપારખાતું, ખાનાંવાર નફા-નુકસાન ખાતું અને સયુંકત પાકું સરવૈયું તૈયાર કરો. મુખ્ય ઓફિસના ચોપડે શાખાનું ચાલુ ખાતું પણ બનાવો.

**અથવા**

**પ્રશ્ન : ૩ એક ભારતીય કંપનીની શાખા ન્યૂયોર્કમાં છે. તેનું તા. ૩૧-૩-૨૦૦૯ ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે :** (૧૪)

| વિગત | ઉધાર US $ | જમા US $ |
|---|---|---|
| પ્લાન્ટ -મશીનરી | ૧૦,૦૦૦ | - |
| ફર્નિચર | ૪,૦૦૦ | - |
| સ્ટોક (તા. ૧-૪-૨૦૦૮) | ૬,૦૦૦ | - |
| દેવાદારો - લેણદારો | ૮,૦૦૦ | ૫,૦૦૦ |
| ખરીદ -વેચાણ | ૧૬,૦૦૦ | ૪૩,૨૦૦ |
| મજૂરી | ૪,૦૦૦ | - |
| આવકમાલ ગાડાભાડું | ૧૦૦ | - |
| પગાર | ૧,૬૫૦ | - |
| ભાડું અને કરવેરા | ૭૫૦ | - |
| વીમો | ૨૦૦ | - |
| વેપાર ખર્ચા | ૧૦૦ | - |
| ભારતીય કંપની તરફથી મોકલેલ માલ | ૫,૦૦૦ | - |
| હાથ પર રોકડ | ૩૦૦ | - |
| બેંક સિલક | ૧૦૦ | - |
| મુખ્ય ઓફિસનું ખાતું | - | ૮,૦૦૦ |
| | ૫૬,૨૦૦ | ૫૬,૨૦૦ |

**વધારાની માહિતી :**

(૧) પ્લાન્ટ અને મશીનરી પર ૧૦% અને ફર્નિચર પર ૫% ઘસારો ગણો.

(૨) ચૂકવવાનો બાકી પગાર $ ૧૫૦.

(૩) મુખ્ય ઓફિસ દ્વારા શાખાને મોકલેલ માલ રૂા. ૨,૫૬,૦૦૦

(૪) મુખ્ય ઓફિસ શાખા પાસેથી રૂા. ૫,૨૦,૦૦૦ ની લેણી રકમ દર્શાવે છે.

(૫) તા. ૩૧-૩- ૨૦૦૯ ના રોજનો સ્ટોક $૮,૦૦૦

(૬) તા. ૧ લી એપ્રિલ, ૨૦૦૭ ના રોજ કાયમી મિલકતો ખરીદવામાં આવી હતી. વિનિમય દર ૧$ = રૂા. ૩૬ હતો.

તા. ૧-૪-૨૦૦૮ ના રોજ વિનિમય દર ૧$ = રૂા. ૩૮ હતો.

તા. ૩૧-૩-૨૦૦૯ ના રોજ વિનિમય દર ૧$ = રૂા. ૪૨ હતો.

વર્ષ દરમિયાન સરેરાશ વિનિમય દર ૧$ = રૂા. ૪૦ હતો.

ઉપરનું કાચું સરવૈયું રૂપિયામાં રૂપાંતરિત કરી મુખ્ય ઓફિસના ચોપડામાં શાખાના હિસાબો તૈયાર કરો.

પ્રશ્ન : ૪ (અ) માળખું, વિન્યાસ અને દેખાવના સંબંધમાં પ્રકાશિત હિસાબોમાં જોવા મળતાં આધુનિક વલણો જણાવો. (૦૬)

(બ) અહેવાલ તૈયાર કરવાનાં સિધ્ધાંતો સમજાવો. (૦૬)

**અથવા**

(અ) પ્રકાશિત હિસાબોનાં આધુનિક વલણો કયાં છે ? તે પૈકી ત્રણ વિશે ચર્ચા કરો. (૦૬)

(બ) અહેવાલના પ્રકારો જણાવો. (૦૬)

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. કોમ. સેમેસ્ટર - ૨ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ : VI

**તારીખ : ૧૦/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**સૂચના : (૧) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે. (૨) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

૧. (અ) એક પેઢીના નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ નું નફા-નુકસાન ખાતું, ભાગીદારોનું મહેનતાણું રૂા. ૮,૦૦,૦૦૦ અને ભાગીદારોની મૂડી પર ૧૩% લેખે વ્યાજ રૂા. ૧૩,૦૦,૦૦૦ નોંધ્યા પછી રૂા. ૧,૨૦,૦૦૦ નો ચોખ્ખો નફો દર્શાવે છે. ભાગીદારી પેઢીએ કલમ - ૧૮૪ અને કલમ -૪૦ (બી) ની શરતોનું પાલન કર્યું છે. આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે પેઢીની કરપાત્ર આવકની ગણતરી કરો. (૦૩)

(બ) પેઢીની નીચેની બાબતો ધ્યાનમાં લીધાં પહેલાંની ધંધાની આવક રૂા. ૨,૨૦,૦૦૦ છે. (૦૨)

૧. ડીડ મુજબ સક્રિય ભાગીદારને મહેનતાણું રૂા. ૧,૨૦,૦૦૦
૨. આગળ ખેંચેલ ધંધાની ખોટ રૂા. ૧,૫૦,૦૦૦
૩. નહિ સમાયેલ ઘસારો રૂા. ૫૦,૦૦૦
૪. નહિ સમાયેલ વૈજ્ઞાનિક સંશોધનનો મૂડી ખર્ચ રૂા. ૩૦,૦૦૦

પેઢીના બુક પ્રોફિટની ગણતરી કરીને ભાગીદારને ચૂકવેલ મહત્તમ મહેનતાણાંની કલમ ૪૦(બી) મુજબ ગણતરી કરો.

(ક) નીચેની માહિતી પરથી આશાની ‘અન્ય સાધનોની આવક’ ના શીર્ષક હેઠળ આવકની ગણતરી કરો. (૦૩)

૧. તા. ૧૮-૭-૨૦૧૬ ના રોજ તેણીનાં લગ્ન પ્રસંગે મળેલ ભેટ રૂા. ૧,૨૦,૦૦૦ જેમાં રૂા. ૨૦,૦૦૦ બિન સગાઓ પાસેથી મળી હતી.
૨. તા. ૧૨-૯-૨૦૧૬ ના રોજ તેણીને તેની માતાના પિતરાઈ પાસેથી રૂા. ૧,૮૦૦૦ ની બક્ષિસ મળી હતી.
૩. તેણીએ તા. ૧-૪-૨૦૧૬ ના રોજ તેના મિત્ર પાસેથી ૧૦૦ ઈક્વિટી શેર્સ રૂા. ૬૦,૦૦૦ માં ખરીદ્યા. ખરીદ્યા તારીખે આ શેરની શેરબજારમાં કિંમત રૂા. ૧,૧૫,૦૦૦ હતી.

(ડ) ભારતીય જીએસટી મોડેલ જણાવો. (૦૨)

૨. જાનકીની નીચે જણાવેલ વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે અન્ય સાધનોની કરપાત્ર આવક શોધો. (૧૪)

૧. પતિ પાસેથી બક્ષિસ મળી રૂા. ૩,૫૧,૦૦૦
૨. અમાન્ય પ્રાવિડન્ટ ફંડની વ્યાજ સહિત એકત્રિત થયેલી રકમ રૂા. ૪,૧૦,૦૦૦ મળી. જેમાં માલિક અને કર્મચારીનો ફાળો ૩:૨ પ્રમાણે હતો. માલિકે રૂા. ૨,૩૨,૫૬૯ ફાળો આપ્યો.
૩. તેમની માતૃશ્રીના પિતાજીના નાનાભાઈ પાસેથી બક્ષિસ રૂા. ૭૮,૦૦૦
૪. સોનું ચાંદીની ખરીદી ખરેખર રૂા. ૭,૦૦,૦૦૦ ની કરી હતી, પરંતુ તેની નોંધ રૂા. ૨,૪૦,૮૬૬ તરીકે કરી. તેની બજાર કિંમત તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજ રૂા. ૭,૮૯,૦૦૦ હતી.

RDR

(પાનું ઊલટાવો)

૫. સુરત શહેરમાં પાર્ટી-પ્લોટનું ભાડું મળ્યું રૂા. ૫૭,૦૦૦
૬. પુસ્તકનાં લેખક તરીકે રોયલ્ટી (ગ્રોસ) મળી રૂા. ૨૮,૦૦૦
૭. આર. લિ. ના ૧૦% નાં કરમુકત ડિબેંચર્સ રૂા. ૨,૮૮,૦૦૦ (T.D.S. ૨૦%)
૮. એસ. લિ. ના કરબાદ ડિબેંચર્સનું મળેલ વ્યાજ રૂા. ૨૧,૬૦૦ (T.D.S. ૧૦%)
૯. બી. લિ. ના કરમુકત ડિબેંચર્સનું મળેલ વ્યાજ રૂા. ૧૬,૦૦૦ (T.D.S. ૨૦%)
૧૦. યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાનાં યુનિટ્સનું વ્યાજ રૂા. ૩૧,૦૦૦
૧૧. ખુલાસા વિનાની રોકડ રૂા. ૧,૧૭,૭૨૦
૧૨. તેમને તા. ૧ લી જુલાઈ - ૨૦૧૬ થી મહિને રૂા. ૩,૫૩૫ લેખે ફેમિલી પેન્શન મળ્યું.
૧૩. પ્લાન્ટ-મશીનરીનું ભાડું મહિને રૂા. ૬,૫૦૦ લેખે મળ્યું. તા. ૧-૪-૨૦૧૬ ના રોજ તેની ઘસારા બાદ કિંમત રૂા. ૨,૮૦,૦૦૦ હતી. માન્ય ઘસારાનો દર ૨૦% છે.
૧૪. પેટા ભાડે આપેલ મકાનનું ભાડું દર મહિને રૂા. ૭,૫૦૦ લેખે મળ્યું. તેમણે મકાન-માલિકને મહિને રૂા. ૪,૧૦૦ લેખે ભાડું ચૂકવ્યું.

કરપાત્ર જામીનગીરી ખરીદવા તા. ૧-૭-૨૦૧૬ ના રોજ ૧૨% ના દરે રૂા. ૧૩,૭૦૦ ઉછીના લીધાં. કરપાત્ર વ્યાજ ઉઘરાણીનો ખર્ચ રૂા. ૬૦૦ થયો. વ્યાજની તારીખ ૩૦-૬ અને ૩૧-૧૨ છે.

**અથવા**

**૨. (અ)** જામીનગીરીના વ્યાજની આવક પર કરકપાત (કલમ-૧૯૩) સમજાવો (૦૫)

**(બ)** જામીનગરીના વ્યાજ સિવાયના વ્યાજની આવકમાંથી કરકપાત (કલમ-૧૯૪ એ) સમજાવો. (૦૫)

**(ક)** લોટરી, શબ્દ વ્યૂહરચના, પત્તાની રમત વગેરેના ઈનામની રકમમાંથી કરકપાત (કલમ ૧૯૪-બી) સમજાવો. (૦૪)

**૩..** રુચી, કૃતિ અને ખુશી એક ભાગીદારી પેઢી ચલાવે છે. તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજ પૂરાં થતાં વર્ષ માટે તેઓની પેઢીનું નફા-નુકસાન ખાતું નીચે મુજબ છે. **(૧૪)**

ઉધાર — નફા-નુકસાન ખાતું — જમા

| વિગત | | રકમ (રૂા.) | વિગત | રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| વેચેલ માલની પડતર | | ૯૫,૮૦,૦૦૦ | વેચાણ | ૧,૩૨,૦૦,૦૦૦ |
| ભાગીદારોને મહેનતાણું | | | મકાનનું ભાડું (અડધો ભાગ ભાડે આપેલ છે. | ૧,૦૦,૦૦૦ |
| રુચિ | ૧૨,૦૦,૦૦૦ | | ડિબન્ચર વ્યાજ | ૧,૨૦,૦૦૦ |
| કૃતિ | ૧૮,૦૦,૦૦૦ | | | |
| ખુશી | ૧,૧૦,૦૦૦ | ૩૧,૧૦,૦૦૦ | | |
| આવક વેરો | | ૧૬,૦૦૦ | | |
| વાર્ષિક ૧૩.૫% લેખે ભાગીદારેને ચૂકવેલ વ્યાજ : | | | | |
| રુચિ | ૧,૦૮,૦૦૦ | | | |
| કૃતિ | ૨૭,૦૦૦ | | | |
| ખુશી | ૧,૪૪,૦૦૦ | ૨,૭૯,૦૦૦ | | |
| મકાન-મિલકતનો મ્યુ. વેરો (સ્થાનિક કરવેરા) | | ૧૦,૦૦૦ | | |
| અન્ય ખર્ચા | | ૩,૬૧,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | | **૬૪,૦૦૦** | | |
| | | ૧,૩૪,૨૦,૦૦૦ | | ૧,૩૪,૨૦,૦૦૦ |

વધારાની માહિતી :

૧. પેઢીએ કલમ : ૧૮૪ અને ૪૦ (બી) ની જોગવાઈઓનું પાલન કર્યું છે.

૨. અન્ય ખર્ચમાં રૂા. ૯૭,૦૦૦ કાયદા મુજબ મજરે ન મળે તેવો ખર્ચ છે.

૩. ૧૫ જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ પેઢીએ રૂા. ૧૨,૪૦૦ નો ચૂકવવાનો બાકી વેચાણ વેરો જે પાછલું વર્ષ ૨૦૧૩-૧૪ નો હતો તે ચુકવ્યો. જેની ઉપરના નફા-નુકસાન ખાતામાં નોંધ થઈ નથી.

૪. ખુશીએ સક્રિય ભાગીદાર (Working Partner) નથી.

૫. પેઢીને પોતાનું મકાન છે જેનો ભોંયતળિયાનો ઉપયોગ ધંધા માટે કરાવામાં આવે છે જયારે પહેલો માળ ભાડે આપેલ છે. ૧૦ મે, ૨૦૧૭ ના રોજ મ્યુ. વેરો ચુકવેલ છે. આ. વર્ષ ૨૦૧૭-૧૮ માટે પેઢીના ધંધાની આવકની ગણતરી કરો.

**અથવા**

**૩. વિગતવાર સમજાવો. :**

(અ) ભાગીદારી પેઢીની આવકવેરા સંબંધી જોગવાઈઓ (૦૫)

(બ) કલમ : ૧૮૪ મુજબ ભાગીદારી પેઢીએ પાલન કરવાની જોગવાઈઓ (૦૫)

(ક) કલમ : ૪૦ (બી) ની જોગવાઈઓ (૦૪)

**૪. ટૂંકનોંધ લખો : (કોઈ પણ ત્રણ)** **(૧૨)**

૧. કલમ ૨૩૪-બી એડવાન્સ ટેકસ ભરવામાં કસૂર થતાં વ્યાજ

૨. કોન્ટ્રાકટરને કે સબકોન્ટ્રકટરને ચુકવણીમાંથી કરકપાત

૩. ભારતીય અર્થતંત્ર પર જીએસટીની અસર

૪. ગ્રોસિંગ અપ

૫. બોન્ડ વોશિંગ વ્યવહારો

૬. સગીર બાળકની આવક